ઓરીગામી કાગળ વાળીને સુંદર આકારો અને આકૃતિઓ રચવાની એક જાપાનીસ હસ્તકલા છે. સાજાપણાના સેવાકાર્યના આ વર્ષના પોસ્ટર પરનું ચિત્ર એ વાતનો નિર્દેશ કરે છે કે સાવ સામાન્ય અને ફિક્કું લાગતું કાગળ બદલાણ પામીને એક સુંદર નમૂનો બની શકે છે. તમે પણ ઓરીગામી હસ્તકલા શીખી શકો છો. આગળ વાંચો.

વિશેષ જાણો :

http://www.origami-instructions.com/origami-animals-instructions.html
http://www.fishgoth.com/origami/anidiag.html
http://www.origami-fun.com/origami-animals.html



# બાઈબલ અભ્યાસ

**સાજાપણાના સેવાકાર્યનું સપ્તાહ**
**૬-૧૨ ફેબ્રુઆરી ૨૦૧૨**

**ક્રિશ્ચિયન મેડિકલ એસોસીએશન ઑફ ઈન્ડિયા આયોજિત**
**પ્રાર્થના દિન**
**૮ ફેબ્રુઆરી, ૨૦૧૨**

**સાજાપણાના સેવાકાર્યનો રવિવાર**
**૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૨**

## બદલાણ પામતાં જીવનો

**સંપર્ક :**
**જનરલ સેક્રેટરી**
**ક્રિશ્ચિયન મેડિકલ એસોસીએશન ઑફ ઈન્ડિયા**
પ્લોટ નં.૨, એ-૩, લોકલ શોપીંગ સેન્ટર,
જનકપુરી, ન્યુ દિલ્હી - ૧૦૦ ૦૫૮.
email : cmai@cmai.org

## બદલાણ એટલે શું?

*''આ જગતનું રૂપ તમે ન ધરો; પણ તમારાં મનથી નવીનતાને યોગે તમે પૂર્ણ રીતે રૂપાંતર પામો, જેથી દેવની સારી તથા માન્ય તથા સંપૂર્ણ ઈચ્છા શી છે, તે તમે પારખી શકો.''*

(રોમનો ૧૨:૨)

બાઈબલમાં જણાવવામાં આવ્યું છે તે પ્રમાણે બદલાણનો અર્થ જાણવા માટે આપણે બદલાણ એટલે શું નહિ, એ સમજવું જોઈએ. જો કે પરિવર્તન બદલાણનો એક ભાગ હોવા છતાં પણ પરિવર્તનનો અર્થ બદલાણ થતો નથી. વસ્ત્રો, નામ વગેરે બદલીને આજુબાજુની પરિસ્થિતિને અનુકૂળ થવું, એ માનવીય સ્વભાવ છે. જે બદલાણ બાઈબલના સિધ્ધાંતોની વિરૂધ્ધ જાય છે, તે તો આ જગતને અનુરૂપ થવું તે છે.

બદલાણનો અર્થ સ્વરૂપમાં પરિવર્તન આવવું એવો પણ થતો નથી કે જ્યાં સ્વરૂપ બદલાઈ જાય છે, પરંતુ અંદરની અવસ્થા તો એવી ને એવી જ રહે છે. દા.ત. સ્થાન, મોભ્ભો, કાર્યશૈલીમાં ફેરફાર કરવો, જો કે આ બધી બાબતો બદલાણની પ્રક્રિયાનાં પરિણામો હોઈ શકે.

ખરું બદલાણ તો વ્યક્તિના અંદરના વ્યક્તિત્વનું કે મનનું બદલાણ છે. મન સર્વ પ્રકારની લાગણીઓ, વિચારો અને ચારિત્ર્યનું અધિષ્ઠાન છે, અને કાર્યો દ્વારા શરીરમાં તે પ્રગટ થાય છે. પાઉલ જણાવે છે કે, ''બદલાણની આ સાબિતી છે.'' નવીનીકરણ કે બદલાણ પામેલું મન શરીર પર અસર કરે છે. ઈશ્વરની ઈચ્છા પ્રમાણે બદલાણ પામવા દ્વારા તથા બીજાઓ સાથેના માન્ય અને સંપૂર્ણ સંબંધ દ્વારા મનનું નવીનીકરણ થઈ શકે છે. ઈશ્વરની ઈચ્છા બદલાણ માટેનું માપદંડ છે અને માનવીય સંબંધો તેનું પરિણામ છે. રોમનોને પત્ર ૧૨:૩ થી શરૂ કરીને પત્રના અંત સુધી આ સંબંધ વિષેની સમજણ આપવામાં આવી છે. મહત્ત્વની બાબતો એ છે કે વ્યક્તિએ પોતાના કરતાં બીજાઓને વધારે મહત્ત્વપૂર્ણ ગણવા, બીજાઓને આપવામાં આવેલા કૃપાદાનોને માન્ય રાખીને તેઓની કદર કરવી, સારી બાબતો પર પ્રેમ રાખવો અને ભૂંડી બાબતોનો તિરસ્કાર કરવો, ઈશ્વરને મહિમા આપવો અને પ્રાર્થના દ્વારા ઈશ્વર પર આધાર રાખવો, વગેરે વગેરે.

કલમ ૨ માં સમજાવ્યા પ્રમાણે બદલાણ સાચી આરાધનાનું પરિણામ છે. એટલે કે જીવતું, પવિત્ર અને ઈશ્વરને પસંદ પડે એવું અર્પણ કરવું. જ્યાં સુધી શરીર પાપની હકૂમત હેઠળ હોય છે ત્યાં સુધી તે મૃત અવસ્થામાં જ છે. પાપના સંબંધમાં શરીર મરેલું જ હોવું જોઈએ અને એક જીવંત બલિદાન તરીકે તેનું અર્પણ થવું જોઈએ. ફક્ત જીવંત શરીર જ પવિત્ર બલિદાન તરીકે અર્પણ થઈ શકે. ઈશ્વરને માટે જ્યારે કોઈ વસ્તુને અલગ કરવામાં આવે છે ત્યારે જ એ વસ્તુ પવિત્ર બને છે. કોઈપણ વ્યક્તિ પોતાનાં કાર્યો વડે ઈશ્વરને પ્રસન્ન કરી શકતી નથી, પરંતુ ઈશ્વરે નક્કી કરેલાં માપદંડો પ્રમાણે ચાલવાથી જ ઈશ્વરને પ્રસન્ન કરી શકાય છે. વ્યક્તિ જ્યારે સાચી આરાધના કરે છે ત્યારે જ તેના પરિણામ સ્વરૂપે સાચા અર્થમાં વ્યક્તિનું બદલાણ થાય છે.

**ચર્ચા માટેનો પ્રશ્ન**

ઈશ્વરની ઈચ્છા મુજબનું બદલાણ પામવા માટે કઈ બાબત મને અટકાવે છે?

**પ્રાર્થના**

ઓ ઈશ્વર, મારા રોજબરોજના જીવનમાં તમે મને કેવળ પરિવર્તન જ નહિ, પરંતુ બદલાણ પામવાની દિશા તરફ દોરી જાઓ. આમેન.





## સ્વાસ્થ્ય સંભાળના વર્તમાન મૂલ્યોનું બદલાણ કરવું

*''પણ જ્યારે માણસનો દીકરો પોતાના મહિમામાં સર્વ પવિત્ર દૂતો સુધ્ધાં આવશે, ત્યારે તે પોતાના મહિમાના રાજ્યાસન પર બેસશે. અને સર્વ દેશજાતિઓ તેની આગળ એકઠી કરાશે; અને જેમ ઘેટાંપાળક ઘેટાંને બદરાંથી જુદાં પાડે છે, તેમ તે તેઓને એકબીજાથી જુદી પાડશે. અને ઘેટાંને તે પોતાને જમણે હાથે, પણ બકરાંને ડાબે હાથે રાખશે.''*

(માથ્થી ૨૫:૩૧-૩૩)

બાઈબલ આપણને જણાવે છે કે ઈશ્વરે માણસને પોતાની પ્રતિમા અને સ્વરૂપ પ્રમાણે ઉત્પન્ન કર્યું. ઈશ્વર સર્જનહાર છે. સૃષ્ટિનું સર્જન ઈશ્વરનો ભરપૂર પ્રેમ પ્રગટ કરે છે. ઈશ્વર પ્રેમ છે, અને તે પ્રેમ પ્રગટ કરવા માટે તત્પર હોય છે. સંભાળ દ્વારા પ્રેમ પ્રગટ થાય છે. ઈશ્વરને આપણી ચિંતા થઈ, તેને કારણે જ આપણો ઉધ્ધાર કરવા માટે તેમણે આપણે સારુ મરણ પામવા પોતાના દીકરાને મોકલી આપ્યો.

માથ્થીની લખેલી સુવાર્તાના એક શાસ્ત્રભાગમાં ઈસુ ખ્રિસ્ત આકાશના રાજ્ય સંબંધી સ્પષ્ટપણે જણાવે છે કે આપણા સાથી ભાઈઓ-બહેનો પર પ્રેમ રાખવા તથા તેઓની સંભાળ લેવા માટે આપણને તેડવામાં આવ્યા છે.

સ્વાસ્થ્ય સંભાળનો વ્યવસાય આપણને બીજાઓની સંભાળ લેવા માટેની ઉત્તમ તક આપે છે. પશ્ચિમના દેશોનું સાંસારિક જગત માનવ કલ્યાણ અને વ્યક્તિવિકાસના ક્ષેત્રમાં સમસ્ત માનવ જીવનનું આવશ્યક મહત્ત્વ સમજવામાં અધૂરું માલૂમ પડ્યું છે. આપણી સંસ્કૃતિમાં પણ વધતા જતા ભૌતિકવાદને કારણે વ્યક્તિના મૂલ્ય અને કિંમતને ઘણીવાર ભૂલી જવામાં આવે છે. આર્થિક લાભ, પદસ્થાન, સત્તા પ્રત્યેના આકર્ષણ તેમ જ અંગત લાભના પ્રલોભને સ્વાસ્થ્ય સંભાળ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો પર કબજો જમાવ્યો હોય એવું લાગે છે. જેની પીડા આપણને રોજગારીની તક અને આર્થિક લાભ આપે છે એવો દરદી ઘણીવાર એક કિસ્સો જ બની રહે છે. લેબોરેટરી ટેસ્ટ અને એક્સ-રે સોનોગ્રાફી ક્ષેત્રમાં વ્યાપક રીતે ઘર કરી ગયેલ બિનજરૂરી રીતરસમે નૈતિક ધોરણોને સર્વકાલીન એવા નીચલા સ્તરે લાવી દીધાં છે.

આ વલણમાં આપણે કેવી રીતે પરિવર્તન લાવી શકીએ? શું આપણે આપણી કાર્ય પધ્ધતિમાં રહેલા આ સડાને અટકાવી શકીએ ખરા? જો આપણે ઈશ્વરનાં વચનો તરફ પાછા ફરીએ અને તેમની આજ્ઞાઓનું પાલન કરીએ, તો જ એ બાબત શક્ય બની શકશે. આપણે જ્યારે પૃથ્વી પરના ઈસુના સેવાકાર્ય તથા લોકો પ્રત્યેના તેમના સમર્પણ તરફ દૃષ્ટિ કરીએ છીએ, ત્યારે આપણને તેમની સંભાળ અને અનુકંપાની એક ઝાંખીના દર્શન થાય છે. જો આપણે ઈસુના શિષ્યો છીએ, તો આપણે સ્વાસ્થ્ય સંભાળની સેવામાં ઉચ્ચ કક્ષાના નૈતિક ધોરણોને વળગી રહેવું જોઈએ અને સાજાપણાના સેવાકાર્યના દરેક પાસામાં પ્રેમ અને સંભાળની અભિરૂચિનાં દર્શન કરાવવા જોઈએ.

**ચર્ચા માટેના પ્રશ્નો :-**

૧. *સ્વાસ્થ્ય સંભાળ ક્ષેત્રમાં કઈ કઈ બદીઓ છે?*

૨. આપણે કેવી રીતે ખાતરીપૂર્વક કહી શકીએ કે સાજાપણાનું સેવાક્ષેત્ર આપણા દેશના જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચ્યું છે?

**પ્રાર્થના :** પ્રેમાળ અને દયાળુ ઈશ્વર, અમારા શબ્દો અને કાર્યો દ્વારા બીજાઓ પ્રત્યેની તમારી કરૂણા અને પ્રેમ દર્શાવવાની જરૂરિયાત પ્રગટ કરવા અમારી સહાય કરો. આમેન.

## બદલાણના માધ્યમ તરીકે મિશન હોસ્પીટલોની ભૂમિકા

*“હું તો દ્રાક્ષાવેલો છું, અને તમે ડાળીઓ છો; જે મારામાં રહે છે, અને હું તેનામાં, તે જ ઘણાં ફળ આપે છે; કેમ કે મારાથી નિરાળા રહીને તમે કંઈ કરી શકતા નથી... તમે બહુ ફળ આપો, એમાં મારા બાપને મહિમા મળે છે; અને (એથી) તમે મારા શિષ્ય થશો.”*

(યોહાન ૧૫:૫-૮)

ઈસુના સંપર્કમાં આવ્યાને લીધે જેઓનાં જીવનોનું સંપૂર્ણપણે બદલાણ થયું હતું એવા લોકોની વાતોથી સુવાર્તાઓ ભરપૂર છે. માથ્થી, પિતર, જાખ્ખી અને પાઉલ એ બદલાણનાં ઉદાહરણો છે. જેને સાજાપણાની કોઈ જ આશા ન હતી એવા બેથેસ્દાનો પેલો લકવાગ્રસ્ત માણસ ઊભો થઈને ચાલવા લાગે છે. લોહીવાની બિમારીને કારણે લાંબા સમયથી કંટાળી ગયેલી સ્ત્રી સાજી થઈને ઈસુનો આભાર માને છે. પાંચ પુરુષો સાથે અઘટિત સંબંધ ધરાવતી સમરૂની સ્ત્રી ઈસુની સાથે વાત કરે છે, અને એ પછીથી તેના જીવનમાં તથા તેના લોકોનાં જીવનોમાં પરિવર્તન આવે છે. એક આંધળો ભિખારી દેખતો થઈને સાક્ષી આપે છે.

**ઈસુ જીવનોનું બદલાણ કરે છે**

મિશન હોસ્પીટલોને ‘શબ્દ સદેહ થયો’ એ બાબતને પ્રગટ કરવા માટે તેડું આપવામાં આવ્યું છે - તેઓ ઈશ્વરના રાજ્યની દૃશ્ય અને પ્રત્યક્ષ નિશાનીઓ છે. પીડિત અને ભગ્ન હૃદયવાળા, દુઃખી અને ડરી ગયેલા લોકો આપણી પાસે આવતા હોય છે. એવા લોકોના દુઃખમાં સહભાગી બનવા, તેઓનો બોજ ઓછો કરવામાં ઈશ્વરને મદદરૂપ થવા, તંદુરસ્તી પ્રાપ્ત કરીને હસતાં મુખે તેઓને ઘરે પાછા મોકલવા માટે ઈશ્વર આપણને તેડું આપે છે. પેટની તકલીફવાળો દરદી ઘરે જઈને સારી રીતે ખાઈ-પી શકે છે. મલેરિયાનો ભોગ બનેલ બાળકનો તાવ દૂર થાય છે અને તે ફરીથી સ્કૂલે જાય છે. સુવાર્તાનો પ્રભાવ આ છે. બધી જ હોસ્પીટલો તબીબી સારવારનું કાર્ય કરતી હોય છે. પરંતુ મિશન હોસ્પીટલોની બાબતમાં તો એ કાર્ય કેવળ વૈજ્ઞાનિક પારસ્પરિક અસર કે વ્યવસાયિક કાર્ય જ નથી. આ સેવાકાર્ય જ આપણી આરાધના, આપણો વ્યવસાય, આપણું તેડું છે કે જેની મારફતે ઈશ્વરનો પ્રેમ પ્રગટ થઈ શકે છે.

બદલાણનું કાર્ય તો ઈસુ જ કરે છે, આપણે નહિ. આપણને તેમના હાથ, તેમના પગ, તેમનો પ્રેમ બનવા માટે તેડવામાં આવ્યા છે કે જેથી કરીને આપણી પાસે સારવાર કરાવવા આવતા લોકો પ્રેમનો અનુભવ કરીને બદલાણ પામી શકે. જેમ ડાળીઓ દ્રાક્ષાવેલાને વળગી રહે છે, તેમ આપણી મિશન હોસ્પીટલોએ ઈસુને વળગી રહેવાની જરૂર છે. એ પછીથી જ લોકો આપણામાં હોસ્પીટલના રોજીંદા કાર્યના તણાવ અને દબાણ મધ્યે પણ ઈસુને નિહાળી શકશે. એનો અર્થ એવો નથી થતો કે આપણે આપણા દરદીઓને સુવાર્તા આપીએ. જો લોકોએ ઈશ્વરનો મહિમા જોવો હશે, તો શબ્દએ સદેહ થઈને આપણી હોસ્પીટલોમાં વસવું પડશે. એ પછીથી જ આપણી મિશન હોસ્પીટલો સાચા અર્થમાં આપણા સ્ટાફ તથા વિદ્યાર્થીઓ અને આપણી આસપાસના સમાજના લોકોનાં જીવનોમાં બદલાણ લાવનાર માધ્યમ બનશે.

**ચર્ચા માટેનો પ્રશ્ન :-**

૧. ગાંધીજીએ કહ્યું હતું - “તમે જે પરિવર્તન જોવા માગો છો, એ પરિવર્તન તમારે બનવું જ પડશે.” આપણી મંડળીઓ અને સંસ્થાઓના સંબંધમાં આ કથનનો અર્થ શો થઈ શકે?

**પ્રાર્થના :** ઓ પ્રભુ, અમારી પ્રાર્થના છે કે અમે તમને અમારી જાતોનું બદલાણ કરવા દઈએ કે જેથી કરીને અમારી મંડળીઓ, સ્કૂલો અને હોસ્પીટલો સાચા અર્થમાં અમારા દેશમાં તમારા પ્રેમ અને તમારા દ્વારા બદલાણ પામવાની પ્રક્રિયાનું માધ્યમ બની રહે. આમેન.





## સ્વાસ્થય સેવાને આડે આવતા સામાજિક અવરોધોમાં પરિવર્તન લાવવું

*“અને ભીડને લીધે તેઓ તેની પાસે આવી ન શક્યા, એટલે જ્યાં તે હતો ત્યાંનું છાપરું તેઓએ ઉકેલ્યું, અને તે તોડીને જે ખાટલા પર તે પક્ષઘાતી સૂતો હતો તે તેઓએ ઉતાર્યો.”*

(માર્ક ૨:૧-૧૨)

લકવાગ્રસ્ત માણસ વિવિધ પ્રકારની બિમારીઓથી પીડાતા અને શારીરિક, માનસિક કે સામાજિક નબળાઈઓને કારણે લાચાર અવસ્થામાં જીવતા લોકોનું પ્રતીક છે. ઈસુએ જેઓની સેવા કરી હતી, એમાંના મોટાભાગના લોકોને સાજાપણું પામવા માટે કોઈકને કોઈ પ્રકારના સામાજિક, આર્થિક કે સાંસ્કૃતિક અવરોધો નડતા હતા. તેઓને જે અવરોધો નડતા હતા, એ અવરોધો આપણા પોતાના સમાજમાં જોવા મળતા આર્થિક સામાજિક અવરોધો કરતાં બહુ જુદા ન હતા. ઉપલબ્ધતા, સાનુકૂળતા અને ગુંજાશના અર્થમાં આ અવરોધોને વર્ગીકૃત કરી શકાય.

ચાર મિત્રોએ જે કંઈ કર્યું હતું, તે સામાજિક અવરોધને પાર કરવાનો એક નમૂનો છે.

૧. પોતાની જાતે કશું કરી શકવા માટે અસમર્થ એવા મિત્ર પ્રત્યે તેઓ પોતાની ચિંતા વ્યક્ત કરે છે.

૨. સાજાપણું આપવાના ઈસુના સામર્થ્યને તેઓ જાણે છે, અને એટલા માટે તેઓ પોતાના મિત્રને ઈસુની પાસે લઈ જાય છે.

૩. જ્યાં સાજાપણું ઉપલબ્ધ છે ત્યાં પોતાના મિત્રને લઈ જવા માટે તેઓ સામે ચાલીને તૈયાર થાય છે.

૪. ઈસુ જ્યાં છે ત્યાં લોકોની ભારે ભીડ જમા થઈ છે, પોતાના મિત્રને ઈસુની પાસે લઈ જવા માટે ત્યાં એક અવરોધ છે, તેઓ જોખમ ઉઠાવીને પણ એક રચનાત્મક કાર્ય કરે છે.

૫. ઈસુએ તેઓનો વિશ્વાસ જોયો. અહીં લકવાગ્રસ્ત માણસના વિશ્વાસ વિષે કશું જણાવવામાં આવ્યું નથી. ઈશ્વર પરનો આપણો વિશ્વાસ અને સાજાપણાના સ્રોત પાસે દુઃખી દરદીઓને લઈ આવવાના આપણા પ્રયત્નો શારીરિક નબળાઈમાંથી સંપૂર્ણ છૂટકારો લાવી શકે છે અને તેની સાથે જીવનપરિવર્તન પણ લાવી શકે છે.

૬. આ ચાર મિત્રો પોતાની મધ્યેના એક બિમાર માણસની જરૂરિયાતો પૂરી પાડીને પ્રેમ, સંભાળ અને કરૂણા પ્રદર્શિત કરનાર બદલાણ પામેલ એક સમાજનું ચિત્ર રજૂ કરે છે.

૭. ખ્રિસ્તના અનુયાયીઓ જ્યારે સાચા અર્થમાં જરૂરિયામંદ લોકોના પાડોશીઓ બને છે અને સમાજમાં પ્રેમભર્યા સંબંધો દ્વારા લોકોની સેવા કરે છે ત્યારે જ મંડળી સ્વાસ્થ્ય સેવાના માર્ગમાં આવતા સામાજિક અવરોધોને પાર કરવામાં મોટો ફાળો આપી શકે છે.

**ચર્ચા માટેના પ્રશ્નો :-**

૧. કલ્પના કરો કે તમે એ ચાર મિત્રોમાંના એક મિત્ર છો, અને કોઈ તમને તમારા એ મિત્રને છાપરામાંથી નીચે ઉતારવાનું સૂચન કરે તો તમારો પ્રતિભાવ કેવો હશે, એ વિષે વિચાર કરો. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટેના અવ્યવહારુ અને જોખમકારક સૂચન પ્રત્યે તમારો પ્રતિભાવ કેવો હશે?

૨. સ્વાસ્થ્ય સેવાક્ષેત્રમાં આપણા દેશના ગરીબ લોકોને કેવા સામાજિક અવરોધોનો સામનો કરવો પડે છે, તે વિષે વિચાર કરો. તમારા સમાજના લોકોની આ સમસ્યાઓનો ઉકેલ લાવવા તમારી મંડળી શું કરી શકે? તમારી મંડળી/યુવકમંડળ/મહિલામંડળ માટે કેટલાંક સૂચનો કરો.

**પ્રાર્થના :** ઓ પ્રભુ, અમે કબૂલ કરીએ છીએ કે અમે બીજાઓની જરૂરિયાતો પ્રત્યે ઘણા બેપરવા રહ્યા છીએ અને તમારા તરફથી પ્રાપ્ત થતા સાજાપણા અને માફીની તાતી જરૂરિયાતવાળા લોકોના માર્ગમાં અવરોધરૂપ બન્યા છીએ. અમને એ માટે માફ કરો અને પેલા ચાર મિત્રો જેવા બનવા અમારી સહાય કરો. અમારી મંડળીને જરૂરિયામંદ લોકોને મદદરૂપ થવા માટેનું જોખમ ઉઠાવવા તૈયાર હોય એવા એક હિંમતવાન સમાજ બનાવવા અમારી સહાય કરો. આમેન.

## બદલાણ પામવું એટલે હિંમતવાન બનવું

*"ઈસુએ તેને કહ્યું કે, 'તું જઈને શિલોઆહ (અર્થાત્ મોકલેલા) ના કુંડમાં ધો.' ત્યારે તે ગયો, અને ધોઈને દેખતો થઈને (ઘેર) આવ્યો."*

(યોહાન ૯:૭)

મારો ઓળખીતો એવો એક માણસ એક સમયે દારૂડિયો હતો, અને તેની આ બૂરી લતને કારણે તેણે પોતાની નોકરી ગુમાવી. વળી તે એક ઉત્તમ ખેલાડી પણ હતો. પોતાની નોકરી છૂટી ગયાના થોડાક સમયમાં તે આત્મહત્યા કરવાનો વિચાર કરી રહ્યો હતો ત્યારે એક દિવસ તે રસ્તા પર દિશાવિહિન અને કોઈપણ પ્રકારના હેતુ વિના આમતેમ ભટકી રહેલા કેટલાક કિશોર વયના છોકરાઓના એક ટોળા મધ્યે દોડી ગયો. આત્મહત્યા કરવાની અવઢવમાં તેને વિચાર આવ્યો કે જો એ છોકરાઓને કોઈ રમત પ્રત્યે રસ લેતા કરવામાં આવે, તો તેઓનું ભાવિ સુધરી જશે. તેણે એ વિચારને અમલમાં મૂકવાનો નિર્ણય કર્યો. તેણે એક ખાલી પડી રહેલા રમતના મેદાનનો ઉપયોગ કરીને છોકરાઓને વિવિધ રમતો રમાડવાનું શરૂ કર્યું, અને તેને કારણે તેના હૃદયમાં પરિવર્તન આવ્યું, અને ત્યારથી તેણે અનેક કિશોરવયના છોકરાઓના જીવનોમાં પરિવર્તન લાવવાનું તથા તેઓને સારું જીવન જીવવા માટેનું પ્રોત્સાહન પૂરું પાડવાનું કાર્ય કર્યું છે.

જેઓનાં હૃદયનું પરિવર્તન કે બદલાણ થયેલું હોય એવા લોકો જ બીજાઓનાં જીવનોમાં પરિવર્તન લાવવાનું તથા તેઓને હિંમત આપવાનું કાર્ય કરી શકે છે. યોહાનની લખેલી સુવાર્તાના નવમા અધ્યાયમાં આપણે વાંચીએ છીએ કે ઈસુ એક આંધળા ભિખારીને મળે છે કે જે બીજાઓની દયા અને મહેરબાની પર લાચાર અવસ્થામાં જીવન જીવતો હતો. સાતમી કલમમાં, ઈસુ જ્યારે તેને જઈને શિલોઆહના કુંડમાં આંખો ધોવા માટે જણાવે છે, ત્યારે એ આંધળો ભિખારી ઉદાસીનતા સાથે જાય છે ખરો, પરંતુ તે દેખતો થઈને પાછો ફરે છે. જો કે, એ ભિખારીને કેવળ દૃષ્ટિ જ પ્રાપ્ત થતી નથી, પરંતુ તેની અંતઃચક્ષુઓ પણ ખુલી જાય છે. તેનું બદલાણ થયું છે અને તેને હવે જીવન જીવવાનું બળ પણ પ્રાપ્ત થયું છે. રસ્તાની કોરે બેસીને લાચાર અવસ્થામાં જીવન જીવનાર એ માણસે પોતાની ઓળખ પ્રાપ્ત કરી છે અને તે હવે સમાજના આગળ પડતા લોકો સાથે વાત કરી શકે છે. એ માણસ જાહેર કરે છે કે ઈસુ એક પ્રબોધક છે (કલમ ૧૪) અને ૩૮ મી કલમમાં તે ઈસુને ઈશ્વર માનીને તેમની સ્તુતિ કરે છે. એક સાવ સામાન્ય કક્ષાના માણસે હવે પોતાની એક ઓળખ પ્રાપ્ત કરી લીધી હતી. બદલાણનું આ કાર્ય ફરોશીઓની હાજરીમાં જ થયું હતું, પરંતુ તેઓની આંખો એ કાર્ય પ્રત્યે આંધળી બની ગઈ હતી.

**ચર્ચા માટેનો પ્રશ્ન :-**

શું બદલાણનાં કાર્યો આપણી આસપાસ પણ થઈ રહ્યાં છે, પરંતુ ફરોશીઓની જેમ આપણે પણ એ કેવી રીતે, અને શા માટે થયું એવા અનેક પ્રશ્નો પૂછવા લાગીએ છીએ કે જેને કારણે આપણે પોતે એ બદલાણની પ્રક્રિયાથી વંચિત રહી જઈએ છીએ?

**પ્રાર્થના :** બદલાણનું કાર્ય તો કૃપાનું એક કાર્ય છે. ઓ પ્રભુ, અમારી મધ્યે થઈ રહેલા કૃપાના કાર્યને નિહાળવા માટે અમારી આંખો ખોલી નાખો. આમેન.





## સાજાપણાના સેવાકાર્ય માટે આપણી જાતોને બદલાણ પામવા દઈએ

*"ઈસુએ એ સ્ત્રીને કહ્યું, 'દીકરી, તારા વિશ્વાસે તને સાજી કરી છે; શાંતિથી જા.'"*

(લૂક ૮:૪૮)

ગયા પાંચ દિવસ દરમિયાન આપણે જોઈ ગયા કે :

સ્વાસ્થ્યને લગતી સમસ્યાનો ઉકેલ લાવવાથી કામ પૂરું થઈ જતું નથી. પરંતુ લોકોને જે સામાજિક સમસ્યાઓનો સામનો કરવો પડે છે, એ સમસ્યાઓને સમજવાનો તથા તેનો ઉકેલ લાવવાનો આપણે પ્રયત્ન કરવાની જરૂર છે. ઈસુએ જાહેરમાં પેલી સ્ત્રીને સાજાપણું આપીને તેની અવસ્થા સાથે સંકળાયેલ સામાજિક લાંછન દૂર કર્યું. આપણે લોકોને સાંભળીને જ તેઓની સમસ્યાઓને જાણી શકીએ છીએ.

- આરોગ્ય ક્ષેત્રના સેવકો તરીકે આપણે દવા અને સારવાર આપવા કરતાં પણ કંઈક વધારે કરવાની જરૂર છે. આપણે સાધનો મારફતે તથા દરદીઓનો માનમરતબો અને આદર સતત જાળવીને તેઓની સાથે યોગ્ય વ્યવહાર કરવો જોઈએ અને તેઓને હિંમત આપવી જોઈએ. ઈસુએ પેલી સ્ત્રીના વિશ્વાસને બિરદાવ્યો, તેને પરિણામે એ સ્ત્રી પોતાની અવસ્થાને કારણે ભૂતકાળના અને ભવિષ્યના પોતાના અપમાનોનો સામનો કરી શકી હતી.
- સાજાપણાના સેવાક્ષેત્રમાં આરોગ્ય સેવકો તરીકે તથા બદલાણના માધ્યમ તરીકે આપણે જ્યારે કાર્ય કરી રહ્યા છીએ, ત્યારે આપણાં કાર્યો દ્વારા ઈશ્વરનો પ્રેમ લોકોની નજરમાં આવવો જોઈએ. રોજબરોજ વધતા જઈ રહેલા ધંધાકીય વલણને કારણે પોતાની પાસે જે નાણાં છે તેના કરતાં પોતે કોણ છે તેને આધારે પોતાની સારસંભાળ લેવામાં આવે તેવું લોકો ઈચ્છતા હોય છે.
- આપણે આરોગ્ય સેવામાં આપણી જાતને ઊતરતી કક્ષાનાં મૂલ્યોથી અલગ કરવી જોઈએ અને આ અધઃપતનને અટકાવીને તેને પલટાવી નાખવાનું કાર્ય કરવું જોઈએ.

જીવનમાં બદલાણ પામવા, ઈસુના નમૂનાને અનુસરનારા બનવા માટે આપણે જે રીતે વિચારીએ છીએ, કાર્ય કરીએ છીએ અને એકબીજાની સાથે જે રીતે વ્યવહાર કરીએ છીએ એ રીતે આપણે પોતે જ બદલાણ પામવું જોઈએ, અને એવું કરતી વખતે લોકો જે અવરોધોનો અનુભવ કરતા હોય છે એ અવરોધોને સમજવાનો અને તેઓને દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**ચર્ચા માટેના પ્રશ્નો :-**

૧. મનની અંદરની આ બદલાણ પ્રક્રિયાની શરૂઆત કરવા માટે હું કયા પગલાં લઈ શકું?

૨. આ બદલાણના એક પ્રતીક તરીકે કઈ પ્રથમ બાબત હું જુદી જ રીતે કરી શકું?

**પ્રાર્થના :** વહાલા પ્રભુ, તમારા તેડાથી અમને પ્રેરણા મળે છે! અમે કઈ જગ્યાએ અધૂરા છીએ, એ અમને જાણવા દો કે જેથી કરીને અમે બદલાણ પામવાનો પ્રયત્ન કરી શકીએ. અમને જ્યારે બીજા લોકો કરતાં અલગ થવા તથા અમારી આસપાસના સમાજની વાસ્તવિકતાઓનો સ્વીકાર કરવા માટે તેડવામાં આવ્યા છે ત્યારે ઉતાવળા ન બનવા અમારી સહાય કરો.